અપીલ અરજી નં.૩૪૧ તા.૧–૧–૦૯/૧૦

અરજદારઃ– શ્રી પ્રમોદકુમાર ગંગારામ
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી શરદભાઈ એકનાથ સેલારની તા.૧૭–૧૧–૦૯ ની અરજીથી ટેના.નં.૩૧એ–૦૫– ૩૭૦૫–૦–૦૦૧ વાળી મિલ્કત હાલ શ્રી પ્રમોદકુમાર ગંગારામના નામે દાખલ છે. જે નામ ટ્રાન્સફર થયા અંગેના દસ્તાવેજી પુરાવાની ઝેરોક્ષ નકલ આપવા બાબત.

**સંદર્ભ :**– ત્રાહિત વ્યકિત શ્રી પ્રમોદકુમાર ગંગારામની તા.૧–૧–૧૦ ની અપીલ અરજી નં.૩૪૧/૨૦૦૯–૧૦

શ્રી શરદભાઈ એકનાથ સેલારની તા.૧૭–૧૧–૦૯ ની અરજીથી ટેના.નં.૩૧એ–૦૫– ૩૭૦૫–૦–૦૦૧ વાળી મિલ્કત હાલ શ્રી પ્રમોદકુમાર ગંગારામના નામે દાખલ છે. જે નામ ટ્રાન્સફર થયા અંગેના દસ્તાવેજી પુરાવાની ઝેરોક્ષ નકલ આપવા બાબતે ત્રાહિત વ્યકિત તરીકે વાંધો લઈ શ્રી પ્રમોદકુમાર ગંગારામે એપેલેટ ઓફિસરને તા.૧–૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ પ્રમોદકુમારને ત્રાહિત વ્યકિત તરીકે પાઠવેલ પત્રની નકલ તથા આપેલ પ્રત્યુત્તરની નકલ તથા તે અંગે લેવામાં આવેલ નિર્ણયની નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૭૮ તા.૧૯–૧–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૮૩૬ તા.૨–૨–૧૦ થી અત્રેના વિભાગને નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, સદર અરજી બાબતે જાહેર માહિતી અધિકારીએ ત્રાહિત વ્યકિત શ્રી પ્રમોદકુમાર ગંગારામને પાઠવેલ પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૩૨૩ તા.૨૫–૧૧–૦૯ ના પત્રની નકલ, ત્રાહિત વ્યકિત પ્રમોદકુમાર ગંગારામે જાહેર માહિતી અધિકારીને રજૂ કરેલ વાંધા અંગેના તા.૧૦–૧૨–૦૯ ના પત્રની નકલ, અરજદારને માહિતી અને દસ્તાવેજ ફી અંગે પાઠવેલ પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/ ૧૫૦૫ તા.૧૫–૧૨–૦૯ ના પત્રની નકલ, ત્રાહિત વ્યકિતએ લીધેલા વાંધા અંગેના નિર્ણય બાબતનો ત્રાહિત વ્યકિત શ્રી પ્રમોદકુમાર ગંગારામને પાઠવેલ પત્ર નં. સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૫૫૭ તા.૨૧–૧૨–૦૯ ના પત્રની નકલ, અરજદારને આપેલ માહિતી અંગેના પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/આ.નં.૧૫૫૬ તા.૨૧–૧૨–૦૯ ના પત્રની નકલ, રૂા.૫૪/– દસ્તાવેજ ફી ભરપાઈ કર્યાની નકલ, સદર પત્રો અંગે યુપીસી કર્યાની ઝેરોક્ષની નકલ, લોકેશન નં.૩૧એ–૦૫–૩૭૦૫–૦–૦૦૧ મિલ્કત ટ્રાન્સફર ફોર્મની નકલ તથા તેના સને ૨૦૦૭–૦૮ ના બીલની નકલ તથા બીલ ભરપાઈની તા.૨–૧૧–૦૭ ની રસીદની નકલ, હર્ષદરાય સોમાભાઈ તથા બળવતંરાય સોમાભાઈ વિગેરેના પાવર ઓફ એટર્નીથી થયેલ વેચાણ દસ્તાવેજની નકલ તથા ઈન્ડેક્ષની નકલ પૂરક વિગતોમાં અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૧૭–૧૧–૦૯ ની અરજીથી નામ ટ્રાન્સફર અંગેના દસ્તાવેજી પુરાવા માંગવામાં આવેલી માહિતી બાબતે ત્રાહિત વ્યકિત શ્રી પ્રમોદકુમાર ગંગારામે તા.૧–૧–૧૦ ના રોજ કરેલ અપીલ અરજીમાં જણાવે છે કે શરદ એકનાથ સેલાર રહેવાસી પારસી કંપાઉન્ડ ત્રણ રસ્તા, ઉધના, સુરત ધ્વારા ટેના નં.૩૧એ–૦૫–૩૭૦૫–૦–૦૦૧ વાળી મિલ્કતની કબ્જેદાર તરીકે મનોજ ગંગારામ ચૌધરી અને વંદનાબેન પ્રમોદકુમાર ચૌધરીના નામે ચાલતી હતી હાલ તે પ્રમોદકુમાર ગંગારામના નામે ચાલે છે તો તે નામ ટ્રાન્સફર કઈ રીત થયા નામ ટ્રાન્સફર કરવા માટે રજૂ કરેલ દસ્તાવેજી પુરાવાઓની નકલની માંગણી કરવામાં આવેલ. જે બાબત ત્રાહિત વ્યકિતને લગતી હોય જાહેર માહિતી અધિકારીએ તા.૨૫–૧૧–૦૯ ના રોજ સદર ટેનામેન્ટવાળી મિલકત હાલ શ્રી પ્રમોદકુમાર ગંગારામના નામે દાખલ છે અને તે ટ્રાન્સફર થયા અંગેના દસ્તાવેજી પુરાવાની ઝેરોક્ષ નકલની માંગણી કરેલ છે. તો અરજદારને માહિતી આપવી કે કેમ? તે અંગે તા.૪–૧૨–૦૯ ના રોજ ૧૨.૦૦ કલાકે અભિપ્રાય આપી જવા અથવા તો પોસ્ટ ધ્વારા લેખિતમાં અભિપ્રાય પત્ર મળ્યેથી દિન–૪ માં મોકલવા જણાવેલ. જે બાબતે ત્રાહિત વ્યકિતએ તા.૧૦–૧૨–૦૯ ના રોજ મજકુર મિલ્કત બાબતે અન્ય કોઈ ત્રાહિત વ્યકિતને કોઈ પણ પ્રકારની માહિતી ન આપવા વાંધો નોંધાવવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી ધ્વારા પત્ર નં. સા.ઝોન/અકણ/આરટીઆઈ/આ.નં.૧૫૫૭ તા.૨૧–૧૨–૦૯ થી વાંધો તા.૧૦–૧૨–૦૯ ના રોજ ઈન્વર્ડ નં.૯૩૯૫ થી નોંધાયેલ છે પરંતુ આપે નોંધાવેલ વાંધો સમય મર્યાદા બહાર હોય વાંધો ગ્રાહય રાખવામાં આવેલ નથી.તેવું ત્રાહિતને જણાવેલ તેની સામે અરજદારે જાહેર માહિતી અધિકારીના પ્રત્યુત્તરમાં જણાવેલ વિગત વાંધા મુદત બહારનો હોય ઉપલા અધિકારીને વાંધો નોંધાવવો જેથી અમો વાંધો નોંધાવીએ છીએ. તેવું અપીલમાં જણાવેલ છે. અરજદારના જણાવ્યા મુજબ અમને પ્રથમ પત્ર ખુબ જ મોડો મળેલો અમો અરજદાર સમય મર્યાદામાં વાંધો નોંધાવી શકેલ નહીં જેથી અમારો વાંધો ગ્રાહય રાખવા વિનંતી અને અમારા મિલ્કતની માહિતી કોઈ ત્રાહિત વ્યકિતને ન આપવાની અપીલમાં રજૂઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારીએ અરજદારને નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૫૦૫ તા.૧૫–૧૨–૦૯ થી પત્ર પાઠવી પાના નંગ–૨૭ પ્રતિ રૂા. ૨ પ્રમાણે કુલ્લે રૂા.૫૪/– ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવેલ. જે અરજદારે રસીદ નં.૧૭૫૭૦૩ તા.૧૮–૧૨–૦૯ થી ભરપાઈ કરેલ જે અંગે જાહેર માહિતી અધિકારીએ નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/આ.નં.૧૫૫૬ તા.૨૧–૧૨–૦૯ થી (૧) નામફેર ફોર્મ નં.૮૬૧૨ની ઝેરોક્ષ નકલના પાના નંગ–૧ (૨) સને ૨૦૦૭–૦૮ ના વેરાબીલની

ઝેરોક્ષ નકલના પાના નંગ–૧ (૩) વેરાબીલ ભર્યાની રસીદ નં.૪૯૩૯૭૨ ની ઝેરોક્ષ નકલ પાના નંગ–૧ (૪)પ્લોટ નં.૯૮ ના રજીસ્ટર વેચાણ દસ્તાવેજની ઝેરોક્ષ નકલના પાના નંગ–૧૧ (૫) પ્લોટ નં.૯૮ ની ઈન્ડેક્ષ નંબર–ર ની ઝેરોક્ષ નકલના પાના નંગ–૧ (૬) પ્લોટ નં.૯૭ ના રજીસ્ટર વેચાણ દસ્તાવેજની ઝેરોક્ષના નકલ પાના નંગ–૧૧ (૭) પ્લોટ નં.૯૭ ની ઈન્ડેક્ષ નંબર–ર ની ઝેરોક્ષ નકલના પાના નંગ–૧ ની માહિતી અરજદારને આપવા પત્ર પાઠવેલ અને તે જ દિવસે અરજદારે માહિતી મેળવ્યાની સહી પણ કરેલ છે. આમ જાહેર માહિતી અધિકારીએ પત્ર નં.૧૩ર૩ તા.૨૫–૧૧–૦૯ માં જણાવ્યા અનુસાર પોસ્ટ ધ્વારા લેખિત અભિપ્રાય પત્ર મળ્યેથી દિન–૪ માં મોકલવા જણાવેલ. અરજદારે અપીલ અરજીમાં પત્ર તા.૮–૧૨–૦૯ ના રોજ મળ્યાની રજૂઆત કરેલ છે પરંતુ તે અંગે કોઈ આધાર કે વાજબીપણું રજૂ કરેલ નથી. અને જાહેર માહિતી અધિકારીએ ત્રાહિત વ્યકિત બાબતે નિર્ણય લઈ અરજદારને નં.સા.ઝોન/અકણ/આ.નં.૧૫૫૭ તા.૨૧–૧૨–૦૯ થી લીધેલા નિર્ણયને જાણ પણ કરેલ છે. આમ જાહેર માહિતી અધિકારી તરફથી કલમ–૧૧ મુજબ આ અધિનિયમ હેઠળ કરવામાં આવેલી વિનંતી પરથી એવી કોઈ માહિતી અથવા તેનો કોઈ ભાગ જાહેર કરવા ઈચ્છતા હોય ત્યારે એવી માહિતી કોઈ ત્રાહિત પક્ષકારને લગતી હોય અથવા તેના ધ્વારા પૂરી પાડવામાં આવી હોય અને તે ત્રાહિત પક્ષકારે તેને ખાનગી માહિતી તરીકે ગણી હોય તો જાહેર માહિતી અધિકારી તે માહિતી રેકર્ડ અથવા તેનો કોઈ ભાગ જાહેર કરવા માંગે તેવી હકીકતની લેખિત નોટીસ આપવી જોઈએ અને તે માહિતી જાહેર કરવી કે નહીં તે અંગે ત્રાહિત પક્ષકારને લેખિત અથવા મૌખિક રજૂ કરવા બોલાવવા જોઈએ અને માહિતી જાહેર કરવા અંગેનો નિર્ણય જાહેર કરતી વખતે ત્રાહિત પક્ષકારની આવી રજૂઆતને ધ્યાનમાં લેવી જોઈશે. તે જોગવાઈ મુજબ જાહેર માહિતી અધિકારીએ અત્રે પ્રસ્તુત કિસ્સામાં ત્રાહિત વ્યકિતને નોટીસ આપી રૂબરૂ રજૂઆત અને લીધેલ નિર્ણયની જાણની જોગવાઈઓ મુજબની કાર્યવાહી કરેલ છે. પરંતુ કલમ–૧૧ ની જોગવાઈ હેઠળ ત્રાહિતને વાંધો રજૂ કરવા દિન–૫ માં પત્ર પાઠવવા તથા દિન–૧૦ ની સમય અવધિમાં વાંધા રજૂ કરવા સમય આપવાની જોગવાઈનું પાલન કરેલ નથી.

વધુમાં ત્રાહિત અરજદારનો વાંધો જાહેર માહિતી અધિકારીને તા.૧૦–૧૨–૦૯ ના રોજ મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને માહિતીના દસ્તાવેજ ફી ભરવાનો પત્ર તા.૧૫–૧૨–૦૯ ના રોજ એટલે કે તે પછી મોકલેલ છે. તે ધ્યાને લેતાં જાહેર માહિતી અધિકારી ધ્વારા માહિતી આપવાની પ્રક્રિયા કરતા સમયે કે માહિતી આપતા પૂર્વે ત્રાહિતનો વાંધો મળેલ હોવાનું સ્પષ્ટ થાય છે અને તે સંજોગોમાં ત્રાહિતનો વાંધો ગ્રાહય નહીં રાખતા પૂર્વે જાહેર હિતની અગત્યતા ચકાસવાનું અને નિર્ણય લેવાની પારદર્શી પધ્ધતિ જાહેર માહિતી અધિકારી પક્ષે થયેલ નહીં હોવાનું સૂચવે છે. તેમ છતાં આપેલ માહિતી ત્રાહિત ધ્વારા ગોપનીય ગણેલ હોય તેવું રજૂ થયેલ દસ્તાવેજ જોતાં ફલીત થતું નથી. આપેલ માહિતી પૈકી મહાનગરપાલિકાના જાહેર સ્ત્રોત સિવાયના ત્રાહિતને લગતા દસ્તાવેજની તથા ઈન્ડેક્ષની નકલ આરટીઆઈ એકટની કલમ–ર(એફ) હેઠળ માહિતીની વ્યાખ્યા જેમાં ખાનગી સમુદાયને લગતી માહિતી કે જે જાહેર સત્તા મંડળ ધ્વારા તે સમયે અમલી કાયદા હેઠળ મેળવી શકાય તેનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. તે જોતાં વ્યાપક અર્થમાં જોવામાં આવે તો માહિતીના ફલકમાં આવે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૭–૧૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી બાબતે અપીલ પૂર્વે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી માહિતી જાહેર થયેલ હોઈ ત્રાહિત વ્યકિતએ લીધેલા વાંધા અંગે ફરીયાદની હકીકતમાં નિર્દિષ્ટ વિગતે કલમ–ર(એફ) સાથે કલમ–૧૧ ની જોગવાઈ હેઠળ ત્રાહિતના વાંધા અંગે અપીલમાં ક્ષતિ પૂર્તિનો નિર્ણય લેવા પાત્ર રહેતો નથી. અરજદાર આ નિર્ણયથી નારાજ હોય તો આરટીઆઈ એકટની કલમ–૧૯(૩) હેઠળ રાજય માહિતી આયોગ, ગુજરાત રાજય, સેકટર–૧૮, ગાંધીનગરને બીજી અપીલ દિન–૯૦ માં કરવા હકદાર છો.

જાહેર માહિતી અધિકારીને હવે પછી કાયદાની જોગવાઈઓને ચુસ્ત રીતે અનુસરવા જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –ર –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ..જાણ તથા અમલ માટે
(ર) શ્રી શરદભાઈ એકનાથ સેલાર